# પાલનપુરમાં કોંગ્રેસનું નોટબંધીનું વિરોધ પ્રદર્શન નાટ્યાત્મક બન્યું



પાલનપુર, તા.૨૮

મોદી સરકારે ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોના આર્થિક વ્યવહાર પર પ્રતિબંધ પર આજે ૨૦ મોં દિવસ છે ત્યારે દેશની આમ જનતા સરકારના સમર્થન વચ્ચે વિરોધ પક્ષમાં મોદીના આ નિર્ણયનો સખત વિરોધ ચાલી રહ્યો છે.

ગત સાંજે ગુજરાત કોંગ્રેસે બંધના એલાનને મોકૂફ રાખ્યા બાદ આજે નોટબંધી પર કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યુ હતું પરંતુ જિલ્લા મથક પાલનપુર કોંગ્રેસ મહિલાઓએ મોદી સરકાર પર જાહેરમાં વિરોધ રજુ કરતા ગીત ગાતા જોઈને પાલનપુર વાસીઓએ મનોરંજનનો પણ વિના મૂલ્યે લાભ લીધો હતો.

નોટબંધીના ૨૦માં દિવસે મોદી સરકારના વિરોધમાં પ્રદર્શન માટે બેઠેલા કોંગ્રેસના નેતાઓની ઉપર મોટા હોડિંગ્સમાં બાપુનું લાગણીશીલ હાસ્ય ઘણું બધું કહી જાય છે પણ વિરોધ પક્ષમાં બેઠેલા કોંગ્રેસના નેતાઓ માટે બાપુ નું હાસ્ય સમજની બહાર છે.

જિલ્લા મથક પાલનપુરમાં સરકારી કચેરીના મુખ્ય ગેટ આગળ જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ મોદી સરકારના નોટબંધીના વિરોધને જોઈને અહીંથી પસાર થતા લોકોએ પણ બાપુ જેમ હસતા નજરે પડ્યા હતા. ભલે આમજનતાનું વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસને સમર્થન ના હોય પણ વિરોધપક્ષમાં બેઠા હોય તો વિરોધપક્ષની ભૂમિકા ભજવવી એ પણ જરૂરી છે. આજે રેલી સ્વરૂપે કોંગ્રેસ નેતાઓ જિલ્લા ભાજપ કાર્યાલય પર પહોંચી ઈંટથી ભાજપ કાર્યાલયના દરવાજા પરના લોકને તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ મોદી સરકાર જેમ ભાજપના દરવાજાનું લોક મજબૂત હોવાના લીધે કોંગ્રેસની ઈંટ તૂટી ગઈ હતી. અગાઉથી જ પોલીસ સ્થળ પર હોવાથી કોંગ્રેસને વધુ વિરોધ કરવાની તક મળી ન હતી.

# અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શિક્ષકોની બદલીઓમાં ભારે ગેરરીતી આચરી

## જિલ્લા ભૂતપૂર્વ બાંધકામ શાખાના ચેરમેને રજૂઆત કરતા ખળભળાટ : જિલ્લા શિક્ષણ કચેરી ભોરીંગ ભ્રષ્ટાચારના ભરડામાં

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ કેટલાક રાજકીય મળતીયાઓ દ્વારા નાણાંકીય વ્યવહાર કરીને કેટલાય શિક્ષકોની કામગીરીના બહાના હેઠળ મનપસંદ શાળાઓમાં બદલી કરી આપવામાં આવતી હોવાની ખૂબ મોટા પ્રમાણમાં ચાલતી હોવાની અને પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બદલી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું લેખીતમાં સાબરકાંઠા જિલ્લાના ભૂતપૂર્વ બાંધકામ શાખાના ચેરમેન વસંત પટેલ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને લેખીતમાં રજૂઆત કરતા ખળભળાટ મચી ગયો છે. શિક્ષણ વિભાગ જ ભ્રષ્ટાચારની ગંદકીથી ખદબદતો હોય તો જિલ્લાનું શિક્ષણ નિમ્ન કક્ષાએ જ પહોંચશે ને તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

રાજ્ય સરકારે શિક્ષકોની બદલીમાં થતો ભ્રષ્ટાચાર ડામવા માટે ઓનલાઈન બદલીની પ્રક્રિયા અમલમાં મુકી છે અને દર વર્ષે ઉનાળામાં ઓનલાઈન બદલી કેમ્પ યોજવામાં આવે છે. બદલી કેમ્પમાં જિલ્લામાંથી નિવૃત્તી પામતા શિક્ષકોની ખાલી પડેલી જગ્યાએ અન્ય જિલ્લા તેમજ તાલુકામાં ફરજ બજાવતા શિક્ષકોને બહારના જિલ્લા કે તાલુકામાંથી પોતાના વતનનો લાભ મળે ત્યારે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીએ 'કુલડીમાં ગોળ ભાંગવા' માંગતા હોય તેમ કામગીરીના બહાના હેઠળ પૈસાના જોરે લાગતા વળગતાઓની બદલી કરી તેમની મનપસંદ જગ્યાઓની ફાળવણી કરી દેવામાં આવતા વર્ષોથી વતનનો લાભ મેળવવા માંગતા શિક્ષકોને ઘોર અન્યાય થઈ રહ્યો છે.

તા. ૨૭-૭-૨૦૧૫ના નિયામકશ્રી ગાંધીનગરના પરિપત્ર મુજબ વહીવટી કામગીરી સંદર્ભે કરેલી તમામ બદલીઓ મૌકુફ કરીને જે તે શિક્ષકોને મૂળ શાળામાં ફરજ પર મુકી દેવાનો પરીપત્ર કરવામાં આવેલ હોવા છતાં કામગીરીના ઓથા હેઠળ રૂપિયા ખીસ્સામાં સેરવી લીધા હોય કે પછી રાજકીય દબાણવશ શિક્ષકોને આજદિન સુધી પરત કરેલ નથી. તદ્ઉપરાંત જિલ્લા પ્રાથમિક શિક્ષણાકિરી દ્વારા શાળામાં બે શિક્ષકો વચ્ચે થતી સામાન્ય તકરારમાં પણ સુમેળ કરાવવાના બદલે તેને મોટુ રૂપ આપવા માટે આખ આડા કાન કરી બનાવવાળી સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષકોની બદલીઓ કરી તેની ખાલી પડેલી જગ્યાઓ પર પૈસા લઈ કામગીરીના ઓર્ડર કરવાનુ મોટામાં મોટુ બદલી કૌભાંડ અરવલ્લી જિલ્લામાં ચાલી રહ્યુ છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને લેખીતમાં જાણ કરી સાબરકાંઠા જિલ્લાના બાંધકામ શાખાના ભૂતપૂર્વ ચેમરેન વસંતભાઈ પટેલ દ્વારા યોગ્ય ન્યાય નહિ મળે તો આ ભ્રષ્ટાચાર વિરોધમાં જિલ્લા પંચાયત કચેરી આગળ ઉપવાસ ધરણા કરી જરૂર પડે ભ્રષ્ટાચાર અટકાવવા કોર્ટની શરણે જવાનુ લેખીતમાં જણાવતા તેમજ આ ગંભીર બાબત અંગે જિલ્લા કલેક્ટર, રાજ્ય શિક્ષણમંત્રી તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણીને રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી પાસે, પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો ચાર્જ એક જ અધિકારી પાસે હોવાથી શિક્ષણ અંગેની કામગીરીમાં પણ યોગ્ય ન્યાય ન મળતો હોવાની ચર્ચા થઈ રહી છે. બન્ને શિક્ષણ કચેરીઓમાં અલગ-અલગ અધિકારીની નિમણુંક કરવામાં આવે તેવું જિલ્લાના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

## નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં ચાર શિક્ષકોની નિમણુંકમાં ભ્રષ્ટાચારની બદબૂ

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં બે શિક્ષકો વચ્ચે થયેલી મારામારીમાં ગ્રામજનોએ તેમના બાળકોના શિક્ષણ પર કરાબ અસર ના પડે તે માટે શાળાની તાળાબંધી કરી હતી અને ચારેય શિક્ષકોની બદલી કરવામાં આવે તો જ તાળા ખોલવામા આવશે તેમ ઉગ્ર સ્વરૂપે જણાવતા શાળાના તમામ શિક્ષકોની બદલી જિલ્લાના અલગ અલગ તાલુકાઓમાં કરી દેવામાં આવી હતી. નવા શિક્ષકોની માંગના બદલે ચાર્જમાં શાળા શિક્ષકો ચલાવતા હતા. ગ્રામજનોએ વારંવાર શિક્ષણાધિકારીને રજૂઆત કરવા છતાં આ ખાલી પડેલી જગ્યાઓ ઓન લાઈન બદલી કેમ્પ તેમજ જિલ્લા વિભાજન વખતે દર્શાવવામાં આવી ન હતી.

# પ્રાંતિજના સલાલમાં એક મકાનમાં રાત્રિના આગ લાગતા અફડાતફડી

## પતરા ઉપર રહેલ ઘાસચારો બળીને ખાખ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સલાલ ખાતે રાત્રીનાં સમયે એક મકાનમાં આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી અને આજુબાજુમાં રહેતા લોકો દોડી આવ્યાં હતાં અને આગ હોલવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પતરા ઉપર મુકેલ બધો ધાસચારો સહિત પતરા દોરીયા બળી ગયા હતા.

સલાલ ગુજરાતી શાળાની બાજુમાં રહેતા પરમાર શામળજી ભીખાજી કે જેવોના ઘરે રાત્રીનાં સમયે ઘરની ઉપર માંડેલ ઘાસચારામાં કોઈ કારણોસર આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી અને આજુ બાજુમાંથી લોકો દોડી આવ્યા હતાં અને આગને હોલવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જયારે પ્રાંતિજ ફાયર ફાયટરને ફોન કરવામાં આવતાં તાત્કાલિક ફાયર ફાયટર મુકેશભાઈ, ગોપાલભાઈ સહિત ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી જયારે જોત જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પતરા ઉપર રહેલ પશુઓને ખાવાનો બધો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો અને પતરા દોળીયા પણ બળી ગયા હતાં જયારે ફાયર ટીમ દ્વારા પાણીનો મારો ચાલુ કરવામાં આવતા આગને કાબુમાં લીધી હતી જયારે આગના કારણે મકાન માલિક પરમાર શામળજી ભીખાજીને ૩૫ હજારથી પણ વધારે નુકશાન થયું હોવાનું જાણવાં મલ્યુ છે. ત્યારે સરકાર અને તાલુકા પંચાયતમાંથી સહાય મળે તેવું ગામજનો જણાઈ રહ્યાં છે.

# ટાકારવાડાના છાત્રએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

## ૧૮ વર્ષીય યુવકે પોતાના ખેતરમા ઝાડ પર લટકી ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી લેતા ગરીબ પરિવાર પર આફત આવી પડી હતી

પાલનપુર, તા.૨૮

ટાકરવાડા ગામ મા ૧૦ મા ધોરણ મા ફેલ થનાર અને ત્યાર બાદ ખેતર મા મજૂરી કરનાર વિપુલ લાલજી ભાઈ ટાંકરવાડીયા નામના યુવકે



પોતાના ખેતર મા ઝાડ પર ફાસો ખાઈ જીવન ટૂંકાવી લેતા મજૂરી કરી જીવન ગુજારનાર ગરીબ પરિવાર પર આફત આવી પડી હતી .આજે બપોરે ખેતર મા કામ કરી રહેલો યુવક ના મા બાપ હાજર ન હતા ત્યારે અચાનક વિપુલ ઠાકોર નામના યુવકે પોતાના ખેતર મા ઝાડ પર લટકી ફાંસો ખાઈ લીધો હતો જો કે આજુબાજુ ના લોકો એ આ દ્રસ્ય જોઈ ૧૦૮ ને જાણ કરી હતી જે ને ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ મા લવાયો હતો જયાં ફરજ પર ના ડોક્ટરે યુવક ને મૃત જાહેર કર્યો હતો જે બાદ મૃતદેહ ને પી એમ અર્થે લઈ જવાયો હતો.

# જન આક્રોશ દિવસ અંતર્ગત કોંગ્રેસ દ્વારા અરવલ્લી જિલ્લામાં પણ રેલી-ધરણા

## મોડાસામાં પણ રેલી યોજીને જિલ્લાના કોંગ્રેસી કાર્યકરોએ ધરણા યોજ્યા



મોડાસા, તા. ૨૮

નોટબંધીના પગલે આજે જન આક્રોશ દિવસ અંતર્ગત કોંગ્રેસ દ્વારા અરવલ્લી જિલ્લામાં પણ મોડાસામાં રેલી-ધરણા યોજવામાં આવ્યા હતા અને લોકોને પડતી મુશ્કેલીઓ ઉજાગર કરવા પ્રદેશના આદેશાનુસાર બાઈક તેમજ વાહનોની રેલી યોજાઈ હતી જેમાં કોંગ્રેસી આગેવાનો જોડાયા હતા.

રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટબંધીથી આમ જનતાની મુશ્કેલીઓ ઉજાગર કરવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા તમામ જિલ્લાઓમાં કોંગ્રેસી આગેવાનોને મોટી સંખ્યામાં ભાગ લઈ આજે ૨૮મીએ ગુજરાત બંધને પ્રાધાન્ય નહીં આપવા અને ગાંધી ચિંધ્યા માર્ગે જન આક્રોશ દિવસ અંતર્ગત રેલીઓ યોજવા અને ધરણાનો કાર્યક્રમ આપવાના આદેશાનુસાર દરેક જિલ્લામાં કરવાના આ કાર્યક્રમો અંતર્ગત અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે નોટબંધીમાં સામાન્ય પ્રજાજનોને પડતી મુશ્કેલીનો પ્રશ્ન આગળ ધરી કોંગ્રેસ રોજબરોજ નવા કાર્યક્રમો આપી રહી છે. છેલ્લા ચાર દિવસથી એક યા બીજા કાર્યક્રમો આપવામાં આવ્યા છે. જેમાં બસ અને રેલ રોકો, શાકભાજી-દૂધ ઢોળીને આક્રોશ વ્યક્ત કરવા સાથે આજે ધરણા અને બાઈક તેમજ વાહન રેલીના કાર્યક્રમોનું પ્રદેશ કક્ષાએથી આયોજન થયા મુજબ દરેક જિલ્લામાં આવા કાર્યક્રમો યોજવાના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરોએ જનઆક્રોશ દિવસે રેલી અને ધરણા યોજ્યા હતા. અલબત્ત પ્રદેશ પ્રમુખ દ્વારા અગાઉ જાહેર કરેલ ગુજરાત બંધને પાછુ ખેંચાતા આજે તમામ બજારો ખુલ્લા રહ્યા હતા અને તમામ જન વ્યવહાર રાબેતામુજબ જ ચાલુ રહ્યો હતો.

# મેઘરજ તાલુકામાં બુટલેગરો બેફામ

## ૫૫ વર્ષીય મહિલાને ટક્કર મારતા ઈજા



મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં બુટલેગરો બેફામ બન્યા છે ત્યારે વગર પાસ પરમીટનો દારૂ પસાર કરવાના બનાવો દિન પ્રતિદિન વધવાથી અકસ્માતોમાં પણ વધારો થયો છે. જેમાં સોમવારે સવારના ૧૧ વાગ્યાના અરસામાં નેસડા ગામના ૫૫ વર્ષીય મહિલા નેશડાથી રામગઢી જવા લીંબોદરા સ્ટેશને ઉભા હતા તે અરસામાં પોલીસના બે કર્મીઓએ બાઈક પર દારૂ લઈ જઈ રહેલ બુટલેગરોનો પીછો કર્યો હતો તે દરમિયાન લીંબોદરા સ્ટેશને ઉભા રહેલ ૫૫ વર્ષીય મહિલાને બાઈક સવાર બુટલેગરે અડફેટે લેતા મહિલાને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં મહિલાને તાત્કાલિક ૧૦૮ દ્વારા મેઘરજ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ ત્યાં મહિલાની હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે મોડાસા ખસેડાયા હતા.

જ્યારે ૫૫ વર્ષીય મહિલાના કુટુંબીએ જણાવ્યું હતું કે મારી દાદીમાને દારૂ લઈ જઈ રહેલ બાઈક ચાલક બુટલેગરે અડફેટે લીધા હતા અને મેઘરજ પોલીસ સ્ટેશનના બે કર્મીઓએ બુટલેગરને દારૂ અને બાઈક સહિત ઝડપી પાડ્યો હતો જે સ્થળ ઉપર અમો ૫૦ માણસોએ પ્રત્યક્ષ જોયેલ છે. મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસઓનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે દારૂ ઝડપાયા અંગેની કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

# ધનસુરામાં નિઃશુલ્ક નેત્ર યજ્ઞ યોજાયો

ધનસુરા, તા. ૨૮

ધનસુરાના રણાસણની અંજલી હોસ્પિટલ દ્વારા જે.એસ. મહેતા શાળા ખાતે સ્વ. જેઠીબા અને ચંદ્રકાન્તાબા તેમજ સ્વ.મોહનલાલ જમનાદાસના પરિવારના સહયોગથી 'નેત્રયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ૧૯૩ જેટલા આંખોના દર્દીઓને ચકાસણી કરી ૬૫ જેટલા દર્દીઓના આંખના ઓપરેશન નિઃશુલ્ક અંજલિ હોસ્પિટલમાં કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં મોહનલાલ શાહ પરિવારના રાજેન્દ્રભાઈ મહેતા પિનાકીન અને અનંત મહેતા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં લઘુમતિ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો






પાલનપુર, તા.૨૮

પાલનપુર માં લઘુમતી સમાજ ના તેજસ્વી વિધાર્થીઓનો સન્માન સમારોહ આજે સીટી હાઈસ્કૂલ ના પરિસર માં યોજાયો હતો.જેમાં પાલનપુર ના ખૈર -એ -ઉમ્મત ચેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ લઘુમતી સમુદાયના ૭૦ થી વધુ વિધાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ધોરણ ૧૦,૧૨ અને સ્નાતક કક્ષાએ ઉચ્ચ ટકાવારી મેળવનારા વિધાર્થીઓને સન્માનિત કરાયા હતા જેમાં તમામ સન્માન મેળવનારા વિધાર્થીઓને વિશિષ્ઠ ટ્રોફી તેમજ સન્માનપત્ર અર્પણ કરાય હતા આ પ્રસંગે ગુજરાત મિલ્લી કાઉન્સિલ ના મુફ્તી રિઝવાન તારાપુરી,પાલનપુર ના વિદ્ધવાન મૌલાના અબ્દુલ કુદૂસ સાહેબ ખાસ હાજર રહ્યા હતા તેમજ ખૈર -એ -ઉમ્મ્ત ચેરીટેબલ ટ્રસ્ટ ના અગ્રણી સમીઉલ્લા સૈયદ એ ટ્રસ્ટ ના હેતુ અને ઉદ્દેશ્ય પરિચય આપ્યો હતો। કાર્યક્રમ ને સફળ બનાવવા ટ્રસ્ટ ના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનવ્યો હતો.

# કાંકરેજના વડા ગામે હેવાન પિતાએ કરી પુત્રની હત્યા

કાંકરેજ, તા. ૨૮

કાંકરેજ તાલુકાના વડા ગામે પિતા-પુત્ર વચ્ચે ઝઘડો થતા પિતાએ પુત્રની છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે મૃતકની માતાએ ખુદ પોતાના પતિ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવતા પોલીસે આરોપી પિતાને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકા વડા ગામે રામજી મોહનભાઈ નાયી પોતાના પરિવાર સાથે રહે છે. પરિવારમાં પત્ની અને બે જુવાન દિકરા છે અને ખેતમજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ દરમિયાન પુત્રના સગપણ બાબતે પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી. માથાકુટ થતા ઝઘડો ઉગ્ર બનતા પિતા રામજીભાઈ અને પુત્ર પરબત વચ્ચે છૂટાહાથની મારામારી થઈ હતી અને પિતાએ ધારદાર છરી વડે પુત્રના છાતીના ભાગે હૂમલો કર્યો હતો અને છરીના ઘા ઝીંકી તેની હત્યા કરી નાખી હતી. આરોપી પિતાએ પુત્રની હત્યા કરી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. થોડા સમય સુધી પુત્ર પરબત ન દેખાતા પરિવારજનોએ શોધખોળ કરતા મૃતક યુવકનો મૃતદેહ પાસેના ખેતરમાં પડ્યો હતો. આ ઘટના જોઈ માતાએ તુરંત જ થરા પોલીસ મથકમાં જાણ કરી હતી. પોલીસ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. આ ઘટના બાબતે મૃતકની માતા સવિતાબેને પોતાના જ પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ડીસા ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા "ભારત કો જાનો" પ્રશ્ન મંચ સ્પર્ધા યોજાઈ

ડીસા, તા.૨૮

સાંપ્રત યુગમાં ડોક્ટર, વકીલ, એન્જિનીયર કે મહાન ઉદ્યોગપતિઓ, નેતાઓ તથા અધિકારીઓ તૈયાર કરી શક્યા છીએ. પરંતુ નીતિવાન અને ચારિત્ર્યવાન માણસોની ઉણપ વરતાય છે. ત્યારે ભારત વિકાસ પરિષદ જેવી રાષ્ટ્રને સમર્પિત નાગરિકોમાં સંસ્કાર સિંચીને આદર્શ વ્યક્તિઓનું નિર્માણ કરતી સંસ્થા પાયાનું કામ કરવા શાળા મહાશાળાઓમાં જઈને વિદ્યાર્થીઓને સંસ્કારિત કરવાનું ભગીરથ કામ કરે છે.



વિદ્યાર્થીઓ ભારતની ભૌગોલિક અને રાજકીય ગતિ વિધિઓથી પરિચિત થાય અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાનું ગૌરવ અનુભવતો થાય તેવી નેમ સાથે ડીસાના આદર્શ વિદ્યા સંકુલમાં ગતરોજ પ્રાંત કક્ષાની 'ભારત કો જાનો' ક્વિઝ કમ્પીટીશનનું સુંદર આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ડીસાના શિક્ષણપ્રેમી અને આર્થિક સહયોગ આપીને આવી સંસ્થાઓને પ્રોત્સાહીત કરતા એલ.ડી. ગૃપના નિલેશભાઈ ગેલોતે ભારતના ભાવિ સમાન છાત્રોને પ્રગતિના શિખરો સર કરવાની શુભેચ્છાઓ પાઠવી ભારત વિકાસ પરિષદનો આભાર માન્યો હતો. ગણપતભાઈ લાધાજીએ ઉપસ્થિત રહીને બાળકોને આશીર્વાદ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

ઉત્તર પ્રાંત ગુજરાતના પ્રમુખ દિનેશભાઈ વોરા, મંત્રી અજયભાઈ પરીખ તથા ટ્રસ્ટી ડૉ. અજયભાઈ જોશી, ડીસા શાખાના પ્રમુખ ડૉ. ભુપેશભાઈ ત્રિવેદી, મંત્રી જયેશભાઈ દેસાઈ તથા પ્રકલ્પ સંયોજક રાજેશભાઈ ગુપ્તા, સહ સંયોજક કલ્પેશભાઈ રાવલ તથા ડીસા શાખાના પ્રશ્નપંચના નિષ્ણાંત રાજેશભાઈ ત્રિવેદી, ડૉ. રત્નદિપસિંહ, મહેશચંદ્ર ભટ્ટ, દેવેન્દ્રભાઈ શાહ, નાથાલાલ ખત્રી, ખજાનચી મહેશભાઈ જોશી, પૂર્વ પ્રમુખ પરેશભાઈ જીવરાણી, પારસભાઈ ત્રિવેદી, પૂર્વ મંત્રી હરેશભાઈ ઠક્કર વગેરે કાર્યકરોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભરતદાન ગઢવીએ ઉદઘોષક તરીકે સુંદર કામગીરી કરીને કાર્યક્રમને માણવા યોગ્ય બનાવ્યો હતો. પાલનપુર વિવિધ લક્ષી વિદ્યા મંદિરની ટીમ માધ્યમિક વિભાગમાં પ્રથમ તથા પાલનપુરની હેતીબા પ્રાથમિક શાળા ટીમ પ્રથમ નંબર પ્રાપ્ત કરીને કેન્દ્ર લેવલે સ્પર્ધામાં ભાગ લેવા જવાનું નક્કી કર્યું હતું.